(1) તાજેતરમાં ઘણાં રાજ્યો દ્વારા મજૂર સંબંધી કાયદાઓને મંદ કરી દેવાયા છે. આ માટે નીચેનામાંથી કયા-કયા કારણો જવાબદાર છે

(1) રોકાણને આકર્ષવા
(2) રોજગારીનું રક્ષણ કરવા
(3) રાજ્યની આવક વધારવા
(4) અર્થતંત્રને બચાવવાની તક ઊભી કરવાં

(A) માત્ર (1), (2) અને (4)  (B) માત્ર (2)
(C) માત્ર (1) અને (4)  (D) આપેલ તમામ

⇛ જવાબ :- D

**સમજૂતી :**

⇛ લોકડાઉનના પગલે કેટલાંક રાજ્યો દ્વારા મજૂર–શ્રમ સંબંધી કાયદાઓને મંદ કરવામાં આવ્યા છે.

⇛ શ્રમ એ સંયુક્ત યાદીનો વિષય હોવાથી કેન્દ્ર અને રાજ્ય બન્ને આ વિષય પર નિયમો બનાવી શકે છે.

⇛ શ્રમ નિયમોને મંદ કરવા માટેના કારણો નીચે મુજબના છે :

- રોકાણને આકર્ષવા અને ઔદ્યોગિક ક્રિયાઓને ગતિશીલ બનાવવા. (આથી, વિધાન (1) સાચું છે.)
- વર્તમાન રોજગારીનું રક્ષણ કરવા અને જે શ્રમિકો પોતાના વતન પરત ફરેલ છે તેમને રોજગારી પ્રદાન કરવા. (આથી, વિધાન (2) સાચું છે.)
- વહીવટી તંત્રમાં પારદર્શકતા લાવવા અને મંદ પડેલાં અર્થતંત્રને પુનઃજીવીત કરવાની તક ઊભી કરવાં. (આથી, વિધાન (4) સાચું છે.)
- લોકડાઉનના પરિણામે મંદ પડેલી આર્થિક ક્રિયાઓના કારણે રાજ્યની આવક ઘટી ગયેલી છે, આથી રાજ્યની આવક વધારવા. (આથી, વિધાન (3) સાચું છે.)
- ઉદ્યોગોની શ્રમ–કાયદા સુધારવાની લાંબા સમયથી માંગ પણ હતી.

ICE® INSTITUTE FOR COMPETITIVE EXAMS

## (2) 'Stringency Index' વિશે નીચેનામાંથી સાચાં વિધાન પસંદ કરો ?

(1) આ ઈન્ડેક્ષ મિશિગન યુનિવર્સિટી દ્વારા બનાવવામાં આવેલ છે.
(2) આ સૂચકાંક દર્શાવે છે કે, COVID-19ને રોકવા માટે કયા દેશ દ્વારા કેટલાં કડક પગલાંઓ લેવામાં આવ્યાં છે.
(3) આ ઈન્ડેક્ષ મુજબ ભારતનો સૌથી કડક પગલાંઓ લીધેલાં દેશો પૈકી સમાવેશ થાય છે.
(4) આ સૂચકાંકમાં 0થી 100ના ગુણ આપવામાં આવે છે.

(A) માત્ર (1), (2) અને (3)
(B) માત્ર (2), (3) અને (4)
(C) માત્ર (1), (3) અને (4)
(D) આપેલ તમામ

⇛ **જવાબ :- B**

**સમજૂતી :**

⇛ COVID-19ના વ્યાપને રોકવા માટે કયા દેશ દ્વારા કેટલાં કડક પગલાં લેવામાં આવ્યાં છે તેનું માપન કરતો એક સૂચકાંક ઓકસફર્ડ યુનિવર્સિટી દ્વારા બનાવવામાં આવેલો છે, જેનું નામ 'Stringency Index' છે. (આથી, વિધાન (1) ખોટું છે, જ્યારે વિધાન (2) સાચું છે.)

⇛ આ ઈન્ડેક્ષમાં 17 માપદંડોનો ઉપયોગ કરવામાં આવ્યો છે.

⇛ સરકારના વિવિધ પગલાંઓ જેવાં કે શાળા અને કાર્યાલયને બંધ કરવા, પરિવહન પર પ્રતિબંધ લગાવવો વગેરેના આધારે 0 થી 100 ગુણ આપવામાં આવે છે. (આથી, વિધાન (4) સાચું છે.)

⇛ વિશ્વમાં સૌથી કડક પગલાં લેનારા દેશો પૈકી ભારતનો સમાવેશ થાય છે અને ભારતને પૂરા 100 ગુણ મળેલાં છે. (આથી, વિધાન (3) સાચું છે.)

⇛ અન્ય દેશો કે જેને પૂરાં 100 ગુણ મળેલાં છે તે આ મુજબ છે : આર્જેન્ટિના, જોર્ડન, લિબયા, શ્રીલંકા, સર્બીયા વગેરે.

⇛ સૌથી વધુ છૂટછાટ આપનાર દેશમાં સ્વીડન પ્રથમ ક્રમે છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

JOIN Our Official Telegram ચેનલ t.me/icerajkotofficial CLICK HERE
icerajkot

## (3) સુંદરબન વિશે નીચેનામાંથી સાચાં વિધાન પસંદ કરો ?

(1) તે વિશ્વનું એકમાત્ર એવું મેંગ્રોવ (Mangrove) જંગલ છે કે જેમાં વાઘ રહે છે.
(2) ભારતના કુલ મેંગ્રોવ જંગલ વિસ્તાર પૈકી સુંદરવન 75% હિસ્સો ધરાવે છે.
(3) તેનો રામસાર આદ્રભૂમિમાં અને યુનેસ્કોની વિશ્વ ધરોહર સ્થળની યાદીમાં એમ બન્નેમાં સમાવેશ થાય છે.
(4) તાજેતરમાં અહીં વાઘની ગણતરી કરવામાં આવી હતી. જેમાં કુલ 96 વાઘ અહીં રહેતાં હોવાનું જાણવા મળ્યું છે.

(A) માત્ર (1), (2) અને (3)
(B) માત્ર (2), (3) અને (4)
(C) માત્ર (1), (3) અને (4)
(D) માત્ર (1), (2) અને (4)

⇛ **જવાબ :- C**

**સમજૂતી :**

⇛ તાજેતરમાં પશ્ચિમ બંગાળ વન વિભાગ દ્વારા સુંદરબનમાં વર્ષ 2019-20 માટેની વાઘની ગણતરી કરવામાં આવી છે. આ ગણતરી મુજબ અહીં કુલ 96 વાઘ રહે છે. વર્ષ 2018-19માં અહીં કુલ 88 વાઘ હતાં. (આથી, વિધાન (4) સાચું છે.)

⇛ સુંદરબન મેંગ્રોવના વૃક્ષો ધરાવતું વિશાળ જંગલ છે કે જે ભારત અને બાંગ્લાદેશમાં ફેલાયેલું છે.

⇛ ભારતના કુલ મેંગ્રોવ જંગલો પૈકી સુંદરબન કુલ 60% ભાગ ધરાવે છે. (આથી, વિધાન (2) ખોટું છે.)

⇛ વર્ષ 1987માં તેનો યુનેસ્કોની વિશ્વ ધરોહર સ્થળોની યાદીમાં સમાવેશ કરવામાં આવ્યો હતો તથા વર્ષ 2019માં તેનો રામસાર આદ્રભૂમિ તરીકે સમાવેશ કરવામાં આવ્યો હતો. (આથી, વિધાન (3) સાચું છે.)

⇛ તે વિશ્વનું એકમાત્ર એવું મેંગ્રોવ વન છે કે જેમાં વાઘ વસવાટ કરે છે. (આથી, વિધાન (1) સાચું છે.)

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## (4) પ્રાઈમ મિનિસ્ટર્સ રિસર્ચ ફેલોશીપ (PMRF) યોજના વિશે નીચેનામાંથી સાચાં વિધાન પસંદ કરો ?

(1) આ યોજના માટે માત્ર IIT, NIT જેવી મુખ્ય સંસ્થાઓના વિદ્યાર્થીઓ જ એપ્લાય કરી શકે છે.

(2) આ માટે GATE પરીક્ષાના ગુણ ધ્યાનમાં લેવામાં આવે છે.

(3) આ યોજના હેઠળ Ph.D. કરવા માટે ફેલોશીપ આપવામાં આવે છે.

(4) આ યોજનામાં ડાયરેકટ એન્ટ્રી અને લેટરલ એન્ટ્રી એમ બે રીતે દાખલ થઈ શકાય છે.

(A) માત્ર (1), (2) અને (3)
(B) માત્ર (2), (3) અને (4)
(C) માત્ર (2) અને (4)
(D) આપેલ તમામ

⇛ **જવાબ :- B**

**સમજૂતી :**

⇛ તાજેતરમાં માનવ સંસાધન વિકાસ મંત્રાલય દ્વારા PMRF યોજનામાં કેટલાંક સુધારાઓ કરવામાં આવ્યા છે.

⇛ વર્ષ 2018માં તેજસ્વી વિદ્યાર્થીઓને આકર્ષવા માટે અને તેમને Ph.D. કરવા માટે PMRF યોજનાની શરૂઆત કરવામાં આવી હતી. આ યોજના હેઠળ વિદ્યાર્થીઓને સંશોધન કાર્ય તથા અભ્યાસ માટે સારી માત્રામાં ફેલોશીપ આપવામાં આવે છે. (આથી, વિધાન (3) સાચું છે.)

⇛ તાજેતરમાં કરવામાં આવેલાં સુધારા નીચે મુજબના છે :

- હવે વિદ્યાર્થી કોઈપણ માન્ય યુનિવર્સિટીમાંથી આ યોજના માટે એપ્લાય કરી શકે છે. (આથી, વિધાન (1) ખોટું છે.)
- પ્રવેશ મેળવવા માટે જરૂરી GATE પરીક્ષાનો સ્કોર 750માંથી ઘટાડીને 600 કરવામાં આવ્યો છે. (આથી, વિધાન (2) સાચું છે.)
- વિદ્યાર્થીઓ બે રીતે પ્રવેશ મેળવી શેક છે : (1) ડાયરેકટ એન્ટ્રી અને (2) લેટરલ એન્ટ્રી (આથી, વિધાન (4) સાચું છે.)

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

## (5) જગન્નાથ મંદિર વિશે નીચેનામાંથી સાચાં વિધાન પસંદ કરો ?

(1) આ મંદિરને 'સફેદ પેગોડા' તરીકે પણ ઓળખવામાં આવે છે.
(2) આ મંદિરનું નિર્માણ કાર્ય ગંગા રાજવંશના શાસક દ્વારા શરૂ કરવામાં આવ્યું હતું.
(3) તેનું નિર્માણ કલીંગ પદ્ધતિ દ્વારા કરવામાં આવ્યું છે.
(4) આ મંદિરમાં મુખ્ય ચાર દ્વાર આવેલાં છે.

(A) માત્ર (1), (3) અને (4) (B) માત્ર (2)
(C) માત્ર (3) અને (4) (D) આપેલ તમામ

⇛ **જવાબ :- D**

**સમજૂતી :**

⇛ જગન્નાથ મંદિરનું નિર્માણ આશરે 12મી સદીમાં થયું હોવાનું માનવામાં આવે છે.
⇛ આ મંદિરનું નિર્માણ કાર્ય ગંગા વંશના શાસક રાજા અનંતવર્મન દેવા દ્વારા શરૂ કરાવવામાં આવ્યું હતું. (આથી, વિધાન (2) સાચું છે.)
⇛ આ મંદિર ચાર ધામનો ભાગ છે. આ ચાર ધામ બદ્રીનાથ, દ્વારકા, પૂરી અને રામેશ્વરમ્ છે.
⇛ આ મંદિરને સફેદ પેગોડા તરીકે પણ ઓળખવામાં આવે છે. (આથી, વિધાન (1) સાચું છે.)
⇛ મંદિરનું નિર્માણ કલીંગ વાસ્તુ–શૈલી મુજબ કરવામાં આવેલું છે. (આથી, વિધાન (3) સાચું છે.)
⇛ મંદિરમાં મુખ્ય ચાર દ્વાર આવેલાં છે.
(1) પૂર્વ – સિંહદ્વાર (2) દક્ષિણ–અશ્વદ્વાર
(3) ઉત્તર–હસ્તીદ્વાર (4) પશ્ચિમ–વ્યાઘ્ર દ્વાર (વાઘદ્વાર)
(આથી, વિધાન (4) સાચું છે.)

ICE® INSTITUTE FOR COMPETITIVE EXAMS

**સ્પર્ધાત્મક પરીક્ષાની લેટેસ્ટ માહિતી અને ફ્રી મટીરિયલ્સ તેમજ રેગ્યુલર કરંટ અફેર્સ મેળવવા માટે નીચે આપેલા અમારા**

Social Media Icon **પર** Click **કરો.**

JOIN OUR TELEGRAM
t.me/icerajkotofficial

YouTube
ICE RAJKOT

Instagram
ICE RAJKOT

Facebook
like | comment | share
ICE RAJKOT

twitter
ICE RAJKOT